ગાંધીનગર સમાચાર

# ભાભર તાલુકાના ભોડાળીયા ગામે બાળકો સહિત ૭૦ને ઝાડા-ઉલ્ટી

## આરોગ્યતંત્ર દોડી આવ્યું : દર્દીઓને તાત્કાલિક સારવાર માટે પ્રાથમિક શાળા ખાતે લવાયા : દવાની અછત સર્જાતા બીજી દવાઓ મંગાવાઈ





ભાભર તાલુકાના ભોડાળીયા ગામે એક સાથે ૭૦થી વધુ લોકોને ઝાડા ઉલ્ટી થતા ગામમાં ચકચાર મચી જવા પામી હતી. જેમાં આરોગ્યતંત્રને જાણ કરાતા ડૉક્ટરની ટીમો દોડી આવી હતી. જેમાં તમામ દર્દીને તાત્કાલિક પ્રાથમિક શાળા ખાતે લાવી સારવાર શરૂ કરી હતી. તમામને દુષિત પાણી પીવાથી ઝાડા-ઉલ્ટી થયા હોવાનું પ્રાથમિક તપાસમાં જણાઈ આવ્યુ હતું. જાણવા મળતી માહિતી મુજબ ભાભર તાલુકાના ભોટાળીયા ગામે ગત દિવસે ૩૦થી વધુ લોકોને ઝાડા-ઉલ્ટી થવા પામી હતી. જેમાં ગામલોકો દ્વારા ભાભર આરોગ્ય ટીમને જાણ કરાતા આરોગ્યતંત્ર મેડિકલ ઓફિસર પ્રદિપભાઈ સૌલંકી તથા મહેશ જે. ભાડીયા (આર.બી.એસ.એમ.ઓ.) દોડી આવી જરૂરી સારવાર આપવામાં આવી હતી. જેમાં આજે આરોગ્ય તંત્ર દ્વારા અલગ અલગ છ ટીમો બનાવી આખા ગામમાં સર્વે કરવામાં આવ્યું હતું. જેમાં અન્ય ૪૦ જેટલા બાળકો સહિત લોકોને ઝાડા-ઉલ્ટી થયા હોવાનું જણાતા તેમને તાત્કાલિક સારવાર માટે ભોડાળીયા પ્રા. શાળા ખાતે લાવી સારવાર કરવામાં આવી હતી. જેમાં સારવાર દરમ્યાન દવાનો સ્ટોક ઘટી જતા ગ્રામજનો તથા આરોગ્ય અધિકારી વચ્ચે બોલાચાલી થઈ હતી. જેમાં દવાનો સ્ટોક આવી પહોંચતા મામલો થાળે પડ્યો હતો. ભોડાળીયા ગામે એક સાથે ૭૦થી વધુ લોકોને ઝાડા ઉલ્ટી થતા ગામમાં હાહાકાર મચી ગયો હતો. જેમાં દુષિત પાણી પીવાથી આ ઘટના ઘટી હોવાનો ગ્રામજનોએ આક્ષેપ કર્યો હતો. ત્યારે બીજી તરફ આરોગ્ય અધિકારીએ લગ્નમાં કેરીનો રસ ખાવાથી આ ઘટના ઘટી હોવાનું જણાવ્યું હતું.

# અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાના વાતાવરણમાં અચાનક પલટો

## ગરમીમાં આંશિક રાહત : ઠંડા પવનો ફૂંકાતા તાપમાનમાં ઘટાડો

મોડાસા, તા. ૨૬

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં ક્લાઈમેન્ટ ચેન્જની અસર જોવા મળતાં છેલ્લા બે દિવસથી વાદળછાયા વાદળના કારણે વાતાવરણમાં ગરમીનો પારો ગગડતાં અરવલ્લી-સાબારકાંઠા જિલ્લામાં વેસ્ટર્ન ડીસ્ટર્બન્સને કારણે જિલ્લાના આકાશમાં છેલ્લા બે દિવસથી કાળા ડિબાંગ વાદળો ચઢી આવતા વાતાવરણમાં એકાએક પલટો આવ્યો હતો. હવામાન સૂત્રોના પરસેવે રેબઝેબ થવાના કારણે લોકો ત્રાહીમામ પોકારી ગયા હતા. છેલ્લા બે દિવસથી વાદળોની આવન જાવન વચ્ચે પવન ચાલુ રહેતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો. વાતાવરણમાં આવેલા પલટા પાછળ



અસહ્ય ગરમીથી તોબા પોકારી ઉઠેલા જીલ્લાવાસીઓમાં રાહતનો અનુભવ થયો હતો. સોમવારે સાંજના સુમારે આકાશે કાળાડિબાંગ વાદળો ઘેરાતા ભૂમિપુત્રોના માથે ચિંતાની લકીરો ખીંચાઈ છે. મંગળવારે પણ વાદળછાયુ વાતાવરણ રહેતા અને ઠંડી લહેરી પવનો ફૂંકાતા કમોસમી વરસાદ થવાની સંભાવના જોવાઈ રહી છે. જણાવ્યા અનુસાર હજુ સુધી પ્રીમોનસૂન એકટીવીટી જોવા ન મળતા સપ્તાહમાં ગરમીનો પારો ૪૧ ડિગ્રીને પાર કરી જશે. છેલ્લા એક-બે સપ્તાહથી ગરમીનો પારો ઉંચો જતા ઉનાળાનો આકરો અનુભવ થતા જિલ્લાવાસીઓ તોબા પોકારી ઉઠ્યા હતા. છેલ્લા કેટલાક દિવસથી દિવસ દરમિયાન ધોમધખતા તાપમાં નવુ વેસ્ટર્ન ડીસ્ટર્બન્સ જવાબદાર છે. અને આગામી ૪૮ કલાકમા ફરીથી મહત્તમ તાપમાનમાં ક્રમશ વધારો થશે અને સપ્તાહાંતે એટલે કે મે મહિનાની શરૂઆતમાં ગરમીનો પારો ૪૧ ડિગ્રીને પાર કરી જશે. બન્ને જિલ્લાના વાતાવરણમાં વાદળો ઘેરાઈ આવતા ભૂમિપુત્રોમાં ચિંતાનું મોજુ ફળી વળ્યુ હતું.




# બનાસકાંઠા જિલ્લા પંચાયતમાં ટાઈ

બનાસકાંઠાની ઢીમા જિલ્લા પંચાયત અને ત્રણ તાલુકા પંચાયતની પેટા ચૂંટણીઓની મતગણતરી આજે હાથ ધરાઈ હતી. જેમાં ઢીમા જિલ્લા પંચાયત પર કોંગ્રેસની ૮૫૨ વોટે કોંગ્રેસના વેરસીભાઈ રબારીની જીત થઈ હતી. જિલ્લા પંચાયતની કુલ ૫૫ બેઠકો પૈકી કોંગ્રેસના ૨૯ અને ભાજપના ૨૬ સભ્યો ચૂંટાયા હતા. જો કે કોંગ્રેસના ત્રણ સભ્યોને પક્ષાંતરધારા હેઠળ બરતરફ કરાતા તેમનું સંખ્યાબળ ૨૬ થયું હતું. ત્યારબાદ કોંગ્રેસના ૨૫ અને ભાજપના ૨૬ સદસ્યો થયા હતા. જો કે ઢીમાની વધુ એક બેઠક કોંગ્રેસને ફાળે જતા ભાજપ કોંગ્રેસ બંનેની સરખી બેઠકો થઈ. બીજી તરફ તાલુકા પંચાયત પેટા ચૂંટણીમાં પાલનપુરના જગાણા ગામ અને વડગામના નાંદોત્રા અને તેનીવાડા ગામની મતગણતરીમાં કેન્દ્રીયગૃહ રાજય મંત્રી હરીભાઈ ચૌધરીના વતન જગાણા ગામમાં ભાજપની ૩૫૪ વોટથી જીત થઈ હતી તેમજ વડગામ તાલુકાની તોનીવાડા સીટ પર પણ ભાજપની ૧૨૦ વોટથી જીત થઈ હતી જયારે વડગામના નાંદોત્રા સીટ પર ૧૨૧ મતે કોંગ્રેસનો વિજય થયો હતો.

# પ્રાંતિજના વાઘપુરમાં રાયોટીંગ : સોળ સામે પોલીસ ફરિયાદ

પ્રાંતિજ, તા. ૨૬

પ્રાંતિજ તાલુકાના વાઘપુર ગામે બે દિવસ પહેલા વરઘોડામાં થયેલ બોલાચાલી બાદ અદાવત રાખીને ૨૫મીએ સાંજે ગેરકાયદેસર મંડળી રચીને હૂમલો કરતા ૧૬ સામે પોલીસ ફરીયાદ થઈ છે.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ તા. ૨૫ના રોજ આરોપીઓએ ફોન કરીને ફરીયાદીને બોલાવીને આગળની અદાવત રાખીને ૨ થી ૧૬ એક સંપ થઈ ગેર કાયદેસર મંડળી રચીને હાથમાં લાકડીઓ, ધારીયા, તલવારો જેવા હથિયારો ધારણ કરી તા. ૨૩ના રોજ રમેશભાઈના પુત્રના વરઘોડા બાબતે થયેલ અદાવત રાખીને ૧ અને ૨ નાઓએ હાથમાં લાકડીઓ વડે બીજા આરોપીઓએ ગડદાપાટુ તેમજ લાફટ ઝાપટ કરી તું ઢેઢા સાલા સરપંચ થઈ ગયેલ છે જેવા જાતી વાચક અપશબ્દો બોલતા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદી પ્રહલાદભાઈ મણીલાલ પરમાર દ્વારા ૧૬ વિરૂદ્ધ ફરિયાદ કરવામાં આવતા પોલીસે ૧૬ વિરૂદ્ધ રાયોટીંગનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

આરોપીઓના નામ ગફુલસિંહ લક્ષ્મણસિંહ રાઠોડ, ધરમવીરસિંહ જીગ્નેશસિંહ રાઠોડ, કુમારપાલસિંહ કિશોરસિંહ રાઠોડ, યશપાલસિંહ દિગ્વિજયસિંહ રાઠોડ, રાજેન્દ્રસિંહ શુકલસિંહ રાઠોડ, જીગ્નેશસિંહ જેઠુસિંહ રાઠોડ, જીગ્નએશસિંહનો ભાણો, દિગ્વિજયસિંહ લક્ષ્મણસિંહ રાઠોડ, જીગ્નેશભાઈ રાઠોડની પત્ની, જિગ્વિજયસિંહની પત્ની, રવિશંકરસિંહ કિર્તીસિંહ રાઠોડ, દેવુસિંહ રાઠોડ, જયદેવસિંહ રાઠોડ, રાજદિપસિંહ રાઠોડ, રાજદિપસિંહ રાઠોડ, સિદ્ધરાજસિંહ રાઠોડ તમામ રહે. વાઘપુર.



અરવલ્લી જિલ્લાના નેશનલ હાઈવે અને રાજય ધોરી માર્ગ પરની બાજુમાં ઈલેકટ્રીક મશીન અને અનોખું વ્હીકલ બનાવી શેરડીનો રસ કાઢતા કોલુ મશીન ઠેર ઠેર નજરે પડી રહ્યા છે. મંગળવારે મોડાસા તાલુકાના ગાજણ ગામ નજીક શામળાજી-ગોધરા રાજયધોરી માર્ગ પર આવા જ એક શેરડીનું કોલુ ચલાવતા અને શેરડીનો રસ કાઢતા કોલાચાલકને અજાણ્યા ટ્રક ચાલકે જોરદાર ટકકર મારતાં ગંભીર રીતે ઘાયલ થઈ તરફડીયા ખાતા કોલાચાલક યુવાનને બચાવવાના બદલે લોકો ટ્રક ચાલકને ઝડપવા દોડાદોડી કરી રહ્યા હતા ત્યારે તરફડીયા મારી રહેલા કોલાચાલક યુવક પર હેમલભાઈ સોનીની નજર પડતા સમયસૂચકતા વાપરી ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરતા ઈજાગ્રસ્ત યુવકને સારવાર અર્થે મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડાયો હતો.

# ધાનેરાના વિન્છીવાડી ગામે બોલેરો જીપ અને ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માતમાં બે ના મોત : ચાર ઘાયલ

ધાનેરા, તા. ૨૬

બનાસકાંઠા જિલ્લાના ધાનેરાના વિન્છીવાડી ગામ પાસે બોલેરો જીપ અને ટ્રક વચ્ચે ગમખ્વાર ધાનેરા તાલુકાના વિન્છીવાડી ગામ પાસે બોલેરો જીપ અને ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જ્યારે ટ્રક અને બોલેરો જીપના ફુરચે તમામ ઘાયલોને સારવાર અર્થે ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં રણજી વાકજી રાજપૂત ઉં.વ. ૩૫



અકસ્માત સર્જાતા બે લોકોના મોત નીપજ્યા છે. જ્યારે અન્ય ચાર લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે.

એક તરફ લગ્નની સીઝન પુરજોશમાં ચાલી રહી છે ત્યારે લોકોની અવર-જવરમાં પણ વધારો થઈ રહ્યો છે. ત્યારે ગત મોડી રાત્રે ફુરચા ઉડી ગયા હતા અને વાહનોમાં રહેલા લોકો વાહનમાં જ ફસાઈ જવા પામ્યા હતા. અકસ્માતનો ધડાકો સાંભળી આજુબાજુથી પણ લોકો દોડી આવ્યા હતા. મહા મહેનતે વાહનો તોડી વાહનમાં ફસાયેલા લોકોને બહાર નીકાળ્યા હતા. જ્યારે અને સુરેશભાઈ ભાટી ઉં.વ. ૩૦ બંને રહે. ધનકવાડા વાળાના મોત નીપજ્યા હતા. જ્યારે વનજી સેલજી રાજપૂત ઉં.વ. ૩૫, પ્રભાતસિંહ વાકજી રાજપૂત ઉં.વ.૪૦ અને ટ્રક ડ્રાઈવરને ગંભીર ઈજા થતા તમામને સારવાર અર્થે ખસેડાયા હતા.

# પાલનપુરમાં આધુનિક ચીઝ પ્લાન્ટનો શુભારંભ

પાલનપુર, તા. ૨૬

રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડના આર્થિક અને તકનીકી સહયોગથી બનાસ ડેરી, પાલનપુર ખાતે રૂ. ૨૩૦ કરોડના ખર્ચે સંપૂર્ણ આધુનિક ચીઝ પ્લાન્ટનું નિર્માણ થયું છે. આ પ્લાન્ટનો શુભારંભ બનાસડેરીના ચેરમેન અને ગુજરાતના આરોગ્ય પ્રધાન શંકરભાઈ ચૌધરીના વરદ હસ્તે કરવામાં આવ્યો. આ પ્લાન્ટની ક્ષમતા પ્રતિમાસ ૯૦૦ મે. ટન ચીઝ બનાવવાની છે, જેમાં પ્રોસેસ ચીઝ અને મોઝરેલા ચીઝનો સમાવેશ થાય છે. આ પ્લાન્ટ શરૂ થવાથી પ્રતિ દિવસ ત્રણ લાખ લીટર દૂધનો વપરાશ ચીઝ બનાવવામાં થશે. અત્યાર સુધી જીસીએમએમએફના માત્ર ખેડા પ્લાન્ટમાં જ ચીઝનું ઉત્પાદન થયું હતું.

# વ્યાજખોરોના ત્રાસથી દિયોદરના વહેપારીનો આપઘાતનો પ્રયાસ

## દિયોદર તાલુકા કોંગ્રેસ પ્રમુખ સહિત નવ ઈસમો વિરૂદ્ધ ગુન્હો દાખલ : વ્યાજનું ચુકવણુ ન કરાતા વહેપારીને જાનથી મારી નાખવાની ધમકી અપાતી હતી

દિયોદર, તા. ૨૬

દિયોદર શહેરમાં એક વહેપારીએ લેણી રકમની ઉઘરાણીના ત્રાસથી કંટાળીને પોઈઝન પીને આપઘાત કરવાની કોશિષ કરી હતી. જેમાં બેભાનમાં ઢળી પડેલ વેહેપારીને તાત્કાલિક સારવાર અર્થે પાટણ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેની તબીયત સુધારા પર હોવાનુ જાણવા મળી રહ્યું છે.

જાણવા મળતી માહિતી મુજબ દિયોદર ઓમપાર્ક સોસાયટી ખાતે રહેતા અમરતભાઈ જે. સુથાર આદર્શ હાઈસ્કૂલ પાસે પાર્લરની દુકાન ચલાવે છે. જે ભુતકાળના સમય જમીનનું લે વેચ કરતા હતા. જે તા. ૨૪-૪-૧૬ના રોજ ઘરે એકલા હતા તેસમયે વ્યાજખોરોની પઠાણી ઉઘરાણીથી કંટાળી જઈ ઘરમાં કોઈ ન હોવાથી પોઈઝનની ગોળીઓ પીધી હતી. જેમાં બેભાન થઈ ઢળી પડ્યા હતા. તે સમયે તેમની પત્ની આવી જતા તાત્કાલિક સારવાર માટે દિયોદર રેફરલ હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા. જેમાં તેમની ગંભીર હાલત હોવાથી વધુ સારવાર માટે પાટણ ખાનગી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. ત્યાં તેમની તબિયતમાં સુધારો આવતા દિયોદર પોલીસે સ્ટેટમેન લેવા પાટણ હોસ્પિટલ ખાતે ગઈ હતી. ત્યાં આપઘાતનો પ્રયાસ કરનાર અમરતભાઈ સુથારે પોલીસને સ્ટેટમેન આપ્યુ હતુ. જેમાં સતત વ્યાજખોરોના ત્રાસથી અને પઠાણી ઉઘરાણીથી કંટાળી આ પગલુ ભર્યુ હોવાનું જણાવતા દિયોદર પોલીસે વ્યાજખોરો સામે ગુન્હો નોંધ્યો હતો. જેની તપાસ દિયોદર પીએસઆઈ ઓ.પી. સિસોદિયા ચલાવી રહ્યા છે.

### આ તમામ સામે ફરિયાદ

નરસિંહભાઈ દેસાઈ - દિયોદર તાલુકા કોંગ્રેસ પ્રમુખ, રામેશ્વર કેશાભાઈ જોષી રહે. દેલવાડા તા. દિયોદર, દિનેશ રામેશ્વર જોષી રહે. દેલવાડા તા. દિયોદર, શવરામભાઈ કાપડવાળા રહે. સુરાણા, તા. દિયોદર, નાથાભાઈ બ્રાહ્મણ રહે. સુરાણા, તા. દિયોદર, સોમાભાઈ બ્રાહ્મણ રહે. ગોઠડા, બાવજી રહે. જુવાળા,તા. દિયોદર, તેજાભાઈ કરશનભાઈ રહે. દેલવાડા, તા. દિયોદર, બાબુભાઈ કેશાભાઈ બ્રાહ્મણ રહે. સુરાણા, તા. દિયોદર.